# આરોગ્ય અધિક મુખ્ય સચિવે સિવિલની ઓચિંતી મુલાકાત લેતાં દોડધામ

ગાંધીનગર, તા.૩
રાજયના આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ મનોજ અગ્રવાલ આજે ગાંધીનગર સિવિલ હોસ્પિટલની મુલાકાતે આવ્યા હતા. તેઓએ ઓપીડી બિલ્ડીંગ ખાતે કાર્યરક કોવીડ વેક્સિનેશન સેન્ટર, કેસ બારીની મુલાકાત લીધી હતી. તે ઉપરાંત કેટલી અને કયાં પ્રકારની એબ્લ્યુલન્સ છે તેની માહિતી મેળવી હોસ્પિટલ તંત્રના અધિકારીઓ સાથે વાતચીત કરી જરુરી સુચના આપી હતી.

મળતી વિગત મુજબ સમગ્ર રાજયની સરકારી હોસ્પિટલ તેમજ આરોગ્ય કેન્દ્રની એમ્બ્યુલન્સનું સંચાલન એક જ સ્થળેથી થાય તે પ્રકારનું આયોજન તંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યું છે. કોરોનાના કપરા સમયમાં અને ઈમરજન્સીમાં ૧૦૮ જીવીકે ના કર્મચારીઓએ જે રીતે ફરજ બજાવી છે. તે પ્રકારે સમગ્ર રાજયની સરકારી હોસ્પિટલની એમ્બ્યુલન્સનું સંચાલન પણ ૧૦૮ દ્વારા કરવામાં આવે તેવી વિચારણા ચાલી રહી છે. જેને અનુલક્ષી રાજયના આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ મનોજ અગ્રવાલ ગાંધીનગર સિવિલ હોસ્પિટલની મુલાકાતે આવ્યા હતા. સૌ પ્રથમ તેઓએ કોવીડ વેક્સિનેશન સેન્ટર તેમજ ઓપીડીમાં કેસ બારીની મુલાકાત લીધી હતી. ત્યારબાદ હોસ્પિટલની મુલાકાત દરમિયાન ડ્રાઈવર રૂમમાં રહેલી લોગબુક જોઈને તેનો અભ્યાસ કર્યો હતો.ગાંધીનગરથી મોટીસંખ્યામાં દર્દીઓને અમદાવાદ રીફર કરાય છે. તે ઉપરાંત અમદાવાદમાં આવેલી કેન્સર હોસ્પિટલ, કીડની ડીપાર્ટમેન્ટમાં દર્દીઓને ટ્રાન્સફર કરવામાં આવે છે તેની માહિતી લોગબુક ઉપરથી અધિક મુખ્ય સચિવનો મળી હતી. જયારે સિવિલમાં એમ્બ્યુલન્સ કેટલી છે તેમજ તેમાં કંઈ કંઈ પ્રકારની સુવિધાઓ છે તે અંગે પણ તપાસ કરી હતી. આઈસીયુ ઓન વ્હીલ અને અન્ય એમ્બ્યુલન્સ અંગે પણ સિવિલના અધિકારીઓ દ્વારા તેઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. જયારે એમ્બ્યુલન્સની મેડીકલ અને ટેકનીકલ બાબતો પણ તેઓએ નોંધ કરી હતી. જયારે સિવિલ તંત્રના અધિકારીઓ સાથે વાતચીત કર્યા બાદ જરુરી સુચનો કર્યા હતા. આ પ્રસંગે મેડીકલ કોલેજના ડીન ડો.શોભના ગુપ્તા, સિવિલ સુપ્રિટેન્ડન્ટ ડો.નિયતિ લાખાણી, સિવિલના આરએમઓ ડો.સુધાબેન શર્મા, એઆર એમઓ. ડો.કલ્પેશ જશપરા, એએચએ એકતા આંબલીયારા, એસઆઈ પંકજ જાદવ અને રાજદીપના સુપરવાઈઝર વિરમ દેસાઈ સહિત સ્ટાફના કર્મચારીઓ ખડેપગે હાજર રહ્યા હતા.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લામાં આરોગ્યતંત્રની ઈ.સંજીવની સેવાનો આરંભ થઈ ગયો છે. આજે ૧૩૯ જેટલા કોલથી દર્દીઓએ માર્ગદર્શન મેળવ્યુ હતુ.
- ગાંધીનગર શહેરમાં મંગળવારનો દિવસ હોવા છતાં મંત્રીઓ પ્રવાસમાં હોવાથી મુલાકાતીઓ અને ટ્રાફિકનું ભારણ ઓછુ રહ્યુ હતુ.
- ગાંધીનગરના મ્યુનિ. કમિશનર ડૉ. ધવલ પટેલે આજે પેથાપુરની મુલાકાત લીધી હતી.
- સે. ૬ માં અન્નોત્સવની ઉજવણી દરમ્યાન લાભાર્થીઓ વધી જતાં કીટો ખુટી હતી.
- સે. ૨૯માં કપિરાજ દ્વારા પુનઃ આતંક મચાવવામાં આવ્યો છે. ગઈકાલે શહેરના એક જાણીતા યુવા વેપારીને તે કરડ્યો હતો.
- રાજ્યના આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ મનોજ અગ્રવાલ સવારે અચાનક જ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પહોંચી ગયા હતા અને તેમણે હોસ્પિટલનો રાઉન્ડ લીધો હતો તેમજ વેક્સિનેશન અભિયાનની કામગીરી જોઈ હતી.
- ગાંધીનગર શહેરના બસસ્ટેન્ડો પર ખિસ્સા કાતરૂઓની ટોળકી સક્રિય થતાં મુસાફરોની સલામતિના પ્રશ્નોએ લોકોને ચિંતાતુર બનાવ્યા છે.
- ગાંધીનગર સમાચારના કોલમિસ્ટ પુલકભાઈ ત્રિવેદીના પુસ્તક ''ટુંકુ નને ટચ''ને કુમાર ફાઉન્ડેશન તરફથી ભોળાભાઈ પટેલ એવોર્ડ પ્રાપ્ત થયો છે.
- ગાંધીનગર જિલ્લાના ૫૦ ગામોમાં વેક્સિનના પ્રથમ ડોઝની કામગીરી ૧૦૦ ટકા થવા પામી છે.
- શહેરની જાણીતી સંસ્થા સંસ્કૃતિના પ્રમુખ અને કેપીટલ ઓફસેટવાળા રમેશભાઈ પટેલના ભાઈ અંબાલાલભાઈ પટેલનું આજે દુઃખદ અવસાન થયુ છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




ગાંધીનગરના એક ખેલાડી દિલ્હી પહોંચી ગયા, બીજા ઓલમ્પીકમાં, અને બાકી રહ્યા તે ક્લાર્ક અને કવિ થઈ ગયા...!!

## બાળક ગુમ થયેલ છે

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ પોલીસ મથક નોંધાયેલા ગુના મુજબ ગુમ થનાર આઝાદ રાજુભાઈ વાઘરી (ઉં.૧૨ હાલ રહે. ઘ-૫ સર્કલ સેકટર-૧૬ કોર્નર, ઓપન એર થિયેટર પાસે કાચા છાપરા, જયારે મુળ રહે. દામનગર ગામ, તા.લાઠી, જી.અમરેલી) તા. ૧૭-૬-૨૧ ના રોજ સવારના ૧૨ વાગ્યાના અરસામાં ઘ-૫ થી સેકટર-૨૨ બસ સ્ટેન્ડ ગાંધીનગરથી ક્યાંક ચાલી ગયેલ છે કે કોઈ અપહરણ કરી લઈ ગયેલ હોય ગુમ થનાર બાળક આઝાદ રંગે શ્યામ વર્ણનો તેમજ ઉંચાઈ આશરે પોણા ચાર ફુટ, આઝાદનું મોઢુ ફુલેલુ અને શરીરે ગરમી નીકળેલ છે. પાતળા બાંધાનો છે અને શરીરે સફેદ કલરનું આખી બાંયનું શર્ટ તેમજ આર્મી કલરનું પેન્ટ પહેરેલ છે. જેના એક હાથે ઓમ કોતરાવેલ છે અને તે ગુજરાતી ભાષા જાણે છે. બાળક અંગે કોઈને માહિતી મળે તો સે-૨૧ પોલીસ મથકનો સંપર્ક કરવા જણાવાયું છે.

## મહિલા ગુમ થયેલ છે

ગાંધીનગર, તા.૩
ગાંધીનગર શહેરના સેકટર-૨૧ પોલીસ મથકમાં આપવામાં આવેલી જાણવાજોગ અરજી મુજબ આદિવાડા વેરાઈ માતાના મંદિરની બાજુમાં રહેતા વિજયસિંહ ચેહુજી મકવાણા કડીયાકામ કરે છે. વિજયસિંહના પત્ની વીજુબા ગત તા. ૮-૭-૨૧ ના રોજ સવારે દશ વાગ્યાના અરસામાં પોતાના ઘરેથી છોકરાઓ માટે ચોપડા લેવા જવાનું કહીને ક્યાંક ચાલ્યા ગયેલ છે. જયારે વીજુબા શરીરે પાતળા બાંધાના અને રંગે શ્યામવર્ણના છે. જેમની ઉંચાઈ ૫ ફુટ ૫ ઈંચ છે. તેઓએ શરીરે લીલા કલરની સાડી પહેરી છે અને ડાબા હાથની કલાઈ પર છુદણાથી એસ.એમ. કોતરાવેલ છે. જયારે વિજુબા હિન્દી અને ગુજરાતી ભાષા જાણે છે. ઉપરોક્ત મહિલા અંગે કોઈને કંઈ પણ માહિતી કે ખબર મળે તો સેકટર-૨૧ પોલીસ મથકનો સંપર્ક કરવો.

# આજે સિવિલમાં હ્યુમન મિલ્ક બેંકનું લોકાર્પણ કરાશે

ગાંધીનગર,તા.૩
ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે હ્યુમન મિલ્ક બેન્ક ઉભી કરવામાં આવી છે. આ હ્યુમન મિલ્ક બેન્ક ગાંધીનગર ઝોન ખાતે સર્વ પ્રથમ છે.જે માતાઓને ધાવણ ન આવતુ હોય તેમજ જે નવજાત બાળકનું વજન ઓછુ હોય અથવા જે બાળકનો જન્મ વહેલો થયો હોય તેવા કુપોષણ બાળદર્દીઓ માટે આ મિલ્ક બેન્ક અતિ ઉપયોગી બની રહેશે.

હ્યુમન મિલ્ક બેંકમાં ધાત્રીમાતાઓ અને હોસ્પિટલમાં ફરજ બજાવતી માતાઓ પણ સ્વેચ્છાએ પોતાનું દુધ જમા કરાવી શકશે. આ મિલ્ક બેંકમાં ૨ ડિગ્રીમાં દુધને સાચવવામાં આવશે તેમજ દુધની જમા તારીખ અને ઉપયોગ લઈ શકાય તે છેલ્લી તારીખ પણ લખવામાં આવશે. આ હ્યુમન મિલ્ક બેંક માટે સરકાર દ્વારા ફાળવવામાં આવેલી ગ્રાન્ટમાંથી બે મોટા ફ્રીજ તેમજ માતાના દુધને પેચ્યુરાઈઝ કરવા માટે માટેના મશીન અને માતાના બ્રેસ્ટમાંથી દુધ કાઢવા માટેના ઈલેક્ટ્રીક બેસ્ટ પંપ પણ હ્યુમન મિલ્ક બેન્ક ખાતે આવી ગયા છે.

વિશ્વ બ્રેસ્ટ ફિડીંગ સપ્તાહની ઉજવણીના ભાગરુપે તા.૪ ઓગ્સ્ટના રોજ બપોરે ૩ કલાકે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ એનઆઈસીયુની બાજુમાં હ્યુમન મિલ્ક બેન્કનું લોકાર્પણ કરવામાં આવશે. ઓગ્સ્ટના પ્રથમ સપ્તાહને વિશ્વમાં સ્તનપાન સપ્તાહ તરીકે ઉજવાય છે. લોકજાગૃતિ માટે ડ્રોઈંગ કોમ્પીટીશન સાથે દર્દી તેમજ સગાને બ્રેસ્ટ ફિડીંગ માટેનું હેલ્થ એજ્યુકેશનના કાર્યક્રમનું પણ આયોજન કરાયુ છે. વહેલા જન્મેલા તેમજ ઓછુ વજન ધરાવતા નવજાત બાળક માટે હ્યુમન મિલ્ક બેન્ક આશિર્વાદરુપ બનશે.

## વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી નિમિત્તે રેલી યોજાઈ

આઈસીડીએસ ઘટક કલોલ-૧માં આવતા મોખાસન, નારદીપુર, પાનસર, છત્રાલ અને સોજા સેજામાં વિશ્વ સ્તનપાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં દરેક આંગણવાડી કેન્દ્રમાં કાર્યકર અને તેડાગર બહેન દ્વારા વિશ્વ સ્તનપાન દિવસની ઉજવણી નિમિત્તે રેલીનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સીડીપીઓ મેડમ, મુખ્ય સેવિકા બહેન, બ્લોક કો. ઓર્ડીનેટર, બ્લોક પ્રોજેક્ટ આસીસ્ટન્ટ અને કાર્યકર બહેનો રેલીમાં સહભાગી થઈને સગર્ભા, ધાત્રી બહેનોને સ્તનપાન વિશેની સમજ આપેલ અને તેના શું ફાયદા છે તેની સમજ આપવામાં આવેલ. સીડીપીઓ મેડમ અને મુખ્ય સેવિકા બહેન દ્વારા ૧૦૦ રોપા બાળકોના નામથી ઉછેરવા માટે રોપાનું આયોજન કરી ૩ વર્ષ સુધી બાળકનો ઉછેર કરવામાં આવે તેમ છોડનો પણ ઉછેર કરવો તેના વિશે સમજ આપવામાં આવી હતી.

## શહેરના એસટી ડેપોમાંથી મુસાફરનું ૧૫ હજાર ભરેલુ ખીસ્સુ કપાયું

ગાંધીનગર, તા.૩
ગાંધીનગર શહેરમાં એસટી ડેપોમાંથી મુસાફરનું રૂ.૧૫,૫૦૦ રૂપીયા ભરેલુ ખીસ્સુ કપાયું છે. સોમવારના રોજ ગાંધીનગર-સરખેજ બસમાં સાંજના સુમારે મુસાફર બેસવા માટે ચડી રહ્યો હતો તે સમયે ભીડભાડમાં ખીસ્સા કાતરુ કળા કરી ગયો હતો. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ખીસ્સા કાતરુઓને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

ગાંધીનગર ડેપોમાં ખીસ્સા કાતરુઓને મુસાફરોના ખીસ્સા હળવા કરવા માટેની જગ્યા મળી ગઈ હોય તેમ લાગી રહ્યું છે. મળતી વિગત મુજબ ગાંધીનગર નજીક ખોરજ ગામે દંતાણી વાસ ખાતે રહેતા સચિનભાઈ જશવંતભાઈ દંતાણી અને તેમના મિત્ર સુરેશ ઠાકોર ગતરોજ ટ્રેકટરના ટાયર રિપ્લેસ કરવા માટે માણસા ગયા હતા. માણસાની ટાયર રી-ટ્રેડીંગ સર્વિસમાં ટ્રેકટર મુકીને બંન્ને મિત્રો માણસાથી બસમાં બેસી ઘર તરફ જવા માટે રવાના થયા હતા.ત્યારે ગાંધીનગર ડેપોમાં તેઓ ઉતર્યા હતા અને ત્યાંથી ખોરજ જવા માટે સરખેજની બસમાં આવી પહોંચતા બંન્ને મિત્રો ભીડ વચ્ચે થી જેમ તેમ કરી બસમાં ચડી ગયા હતા. પરંતુ તે સમયે બસમાં મુસાફરોની ભીડ હોવાથી કંડકટરે જોરથી બુમ પાડીને મુસાફરોને ખીસ્સા કાતરૂઓથી સાવચેત રહેવા માટે જણાવ્યું હતું. જેથી સચિનભાઈએ પેન્ટનું પાછળનુ ખીસ્સુ ચેક કરતા માલુમ પડ્યું હતું કે કોઈ ખીસસાકાતરુ તેમના ખીસ્સામાંથી રોકડા રૂ.૧૫,૫૦૦ લઈ કળા કરી ગયો હતો. સચિનભાઈએ બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.



ગઈકાલે સંવેદના દિવસની ઉજવણી નિમિત્તે ગ્રામ્ય વિસ્તારોમાં યોજાયેલ સેવાસેતુના કાર્યક્રમ દરમ્યાન નાના ભૂલકાઓના ૪૫૦ જેટલા આધાર કાર્ડની કામગીરી મહિલા-બાળ વિકાસ વિભાગ દ્વારા કરવામાં આવી હતી. ૦ થી ૫ વર્ષની આયુ ધરાવતા બાળકોના આધાર કાર્ડની જિલ્લામાં નોંધપાત્ર ૬૦ ટકા જેટલી કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

